# માર ગાય ગોથું !

– મધુસૂદન પારેખ

એક વેપારી હતો. ભારે કંજૂસ. વેપારમાં ખૂબ કમાણી થતી. પણ એક પૈસો ય કોઈને દાનમાં આપે નહિ. મંદિરે જાય ત્યાં ય પૈસો ભગવાન આગળ મૂકે નહિ, પણ પ્રસાદ વહેંચાતો હોય તે મફતિયો પ્રસાદ લઈને ઘેર આવે.

એ વેપારીને એક દીકરો. તેનેય વાપરવા માટે કોઈ દિવસ વેપારી કશુંય આપે નહિ. માત્ર શિખામણ આપે કે જાતે કમાવ ને પછી વાપરો.

એમ કરતાં વેપારીએ લાખ્ખો રૂપિયા ભેગા કર્યા, પણ રૂપિયા તિજોરીમાં જ રહ્યા. એને જમરાજાનું તેડું આવ્યું. દીકરાને થયું કે બાપાએ જીવતેજીવ તો કશું દાન કર્યું નથી. પણ હવે મરવા પડયા છે તો એમની પાછળ કંઈક દાન કરીએ. એણે બાપાને પૂછ્યું : ‘તમારી પાછળ ગાયનું દાન કરીએ ?’

બાપ તો મરતાં–મરતાં ધૂણી ઊઠયો : ‘અલ્યા, ગાય ? મફતમાં ગાય આવે છે ? ખબરદાર ! ગાય કે ભેંસનુંય દાન કર્યું છે તો !’

વેપારી મરી ગયો. પણ દીકરાને થયું કે બાપા કશો ધર્માદો કર્યા વિના મરી ગયા છે. એમનો જીવ અવગતે ના જાય તે માટે કંઈક દાન તો કરવું જોઈએ.



દીકરાની માએ કહ્યું : ‘તારા બાપા ગોદાનની ના પાડી ગયા છે.... પણ વાછરડીની ના પાડી નથી. માટે એમની પાછળ વાછરડીનું દાન કરો. એટલો ધર્માદો એમની પાછળ થાય તોય ઘણું.’

મા–દીકરાએ વેપારીની પાછળ એક વાછરડીનું બ્રાહ્મણને દાન કર્યું.

વેપારીને જમરાજાના દરબારમાં ખડા કરવામાં આવ્યા. એમણે જિંદગીમાં કેટલું દાન, કેટલો ધર્માદો કર્યો હતો તેનો હિસાબ જોવામાં આવ્યો.

જમરાજાના કારભારીએ કહ્યું : 'તમે એંસી વરસની જિંદગીમાં એક પાઈનુંય કોઈને દાન કર્યું નથી. તમારી પાછળ માત્ર એક વાછરડી દાનમાં આપવામાં આવી છે.'

વેપારીનો જીવ ચચરી ઊઠયો. એ બરાડી ઊઠયો : 'નાલાયક દીકરાએ છેવટે મારી ના છતાં વાછરડીનો ધર્માદો કર્યો. વાછરડી જખ મારવા આપી ?'

પણ વેપારી હતો જમાનાનો ખાધેલ. એણે કહ્યું : 'વાછરડી ભલે મારી પાછળ દાનમાં આપી.'

જમરાજાનો કારભારી કહે : 'તમને અહીં એક વાછરડી આપવામાં આવશે. એ તમને વૈતરણી નદી પાર કરવામાં કામ લાગશે.'

વેપારી કહે : 'વાછરડીનું દાન કર્યાને ઘણો વખત થઈ ગયો. વાછરડી પરનું વ્યાજ મને મળવું જોઈએ. માટે મને વાછરડીના બદલામાં ગાય આપો.'

જમરાજાએ વેપારીની માગણી મંજૂર કરીને કહ્યું : 'તમને ગાય દાનમાં આપી. પણ એ ગાય માત્ર એક દિવસ તમારી પાસે તમારા કહ્યામાં રહેશે. દિવસ પૂરો થતાં ગાય તમારી પાસેથી પાછી જતી રહેશે.'

પાક્કો શેઠ વેપારી કહે : 'કશો વાંધો નહિ. ગાય એક દિવસ પણ મારા હુકમ પ્રમાણે ચાલે એટલે બસ.'

વેપારી પાસે મોટાં શીંગડાંવાળી અલમસ્ત ગાય આવીને ઊભી. વેપારીએ ગાયને ડચકારો કરીને કહ્યું : 'માર ગાય જમરાજાને ગોથું.'

જમરાજા તો ડઘાઈ જ ગયા. પણ એમણે જ વેપારીને વરદાન આપ્યું હતું કે ગાય એક દિવસ માટે એના કહ્યામાં રહેશે.

જમરાજા જાય દોડયા, સીધા બ્રહ્મા પાસે. એમની પાછળ ગાય અને વેપારી પણ દોડી આવ્યા. જમરાજાએ વેપારી સામે ફરિયાદ કરી. બ્રહ્માએ વેપારીને શાપ આપવા હાથ ઊંચો કર્યો, ત્યાં વેપારીએ ગાયને કહ્યું : 'માર ગાય ગોથું.'

બ્રહ્મા શાપ આપતા રહી ગયા ને ગાય એમની તરફ દોડી. એટલે એય ભાગ્યા, સીધા વિષ્ણુ ભગવાન પાસે.

વિષ્ણુ ભગવાને વેપારીને મારવા ગદા ઉગામી. ત્યાં વેપારીએ કહ્યું : 'માર ગાય ગોથું.'

ગાય વિષ્ણુ ભગવાનને મારવા દોડી. બધા દેવો રક્ષણ માટે શંકર ભગવાન પાસે દોડયા. પાછળ વેપારી અને એની ગાય પણ દોડતાં આવ્યાં.

શંકર ભગવાને ત્રિશૂળ ઉપાડયું. વેપારીએ કહ્યું : 'માર ગાય ગોથું.'

પણ શંકર ભગવાન પાસે એમનો નંદી ચરતો હતો. ગાય એને જોઈને મુગ્ધ થઈ ગઈ. શીંગડું મારવાને બદલે એ નંદી પાસે ડોકું નમાવીને ઊભી રહી. ત્યાં તો દિવસ પૂરો થઈ ગયો. શંકર ભગવાન કોપાયમાન થઈ ગયા. વેપારીને નરકમાં નાખવાનો જમરાજાને હુકમ કરે ત્યાં તો વેપારીએ ચતુરાઈ વાપરી. એણે કહ્યું : 'હે ભોળાનાથ આપ તો સદાશિવ છો....સહુનું કલ્યાણ કરનારા છો. આપનાં દર્શન

માત્રથી સહુનાં તમામ પાપ નાશ પામે છે. મને તો આપનાં દર્શનનો લાભ મળવાની સાથે બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાનનાં પણ સાક્ષાત દર્શન થયાં.

ત્રણ ત્રણ દેવનાં દર્શન કર્યા પછી મને આપ નરકમાં નાખશો ?'

દેવો વેપારીની ચતુરાઈ જોઈ રાજી થયા. બ્રહ્માએ વેપારીએ કહ્યું : 'તેં ત્રણ–ત્રણ દેવનાં દર્શન કર્યાં પણ તેં લક્ષ્મી દેવીને સતત તિજોરીમાં પૂરી રાખ્યાં માટે તને સ્વર્ગમાં તો સ્થાન નહિ જ મળે. ફરી વાર તું પૃથ્વી પર અવતાર લે અને લક્ષ્મીજીને તિજોરીમાંથી મુક્ત કર.'

વેપારી ફરી નવા અવતારે પૃથ્વી પર આવ્યો.

■